નજાનૂના સાહસો

10

નિકોલાઈ નોસોવ

અકસ્માત



RADUGA PUBLISHERS



નજાનૂના સાહસો


10

નિકોલાઈ નોસોવ

અનુવાદ:દીપ્તિ રાજુ

અકસ્માત







કેટલાક લોકો માને છે કે તમે જેટલા ઊંચે જાઓ તેટલી વધારે ગરમી હોય છે. પરંતુ તે સાચું નથી. તમે જેટલા ઊંચે જાઓ છો, તેટલી વધુ ઠંડી લાગે છે, કારણ કે સૂર્ય પોતાના કિરણોથી પૃથ્વીને ગરમ કરે છે. પૃથ્વી એક સ્ટવ જેવી બની જાય છે અને દરેક વ્યક્તિ જાણે છે કે તમે સ્ટવની જેટલા નજીક હો, તેટલી વધારે ગરમી લાગે છે.

માઇટ્સને આ વાતનો અનુભવ પોતે જ થયો જ્યારે તેઓ પોતાના બલૂનમાં બેસીને પૃથ્વીથી દૂર ઊડી ગયા. વાદળોની ઉપર એટલી બધી ઠંડી હતી કે તેમના ગાલ અને નાક લાલ થઈ ગયા. ગરમ રહેવા માટે તેમને પોતાના પગ પછાડવા પડતા હતા અને હાથ હલાવવા પડતા હતા.

સ્કેટરબ્રેઇનને સૌથી વધારે ઠંડી લાગી, કારણ કે તે પોતાની ટોપી ઘરે ભૂલી આવ્યો હતો. તેનું આખું શરીર ધ્રૂજતું હતું, તેના દાંત કડકડતા હતા અને તેના નાકના છેડે એક મોટો બરફનો ટુકડો જામી ગયો હતો.

“ દાંત કડકડાવવાનું બંધ કર,” ગ્રમ્પ્સ બબડ્યો. “ અહીં પહેલેથી જ પૂરતી ઠંડી છે, તેમાં તારા દાંતના કડકડાટનો અવાજ પણ સાંભળવો પડે છે!”

“ જો ઠંડી છે તો તેમાં મારો શું દોષ છે!” સ્કેટરબ્રેઇન ધ્રૂજતા બોલ્યો.

“ મને દાંત કડકડાવવાનો અવાજ સહન થતો નથી,” ક્રમ્પ્સ ઊભો થતાં બોલ્યો.
“ એનાથી મને ઠંડી લાગી જાય છે.”
તે બ્લોબ્સની બાજુમાં જઈને બેઠો, પરંતુ બ્લોબ્સના દાંત પણ કડકડતા હતા.
ક્રમ્પ્સે શંકાથી તેની તરફ જોયું.
“ તું પણ આવું જ કરી રહ્યો છે?” તેણે પૂછ્યું. “ મને હેરાન કરવા માટે, હં?”
“ જરાય નહીં. કારણ કે બહુ જ ઠંડી છે!”
ક્રમ્પ્સ ઊભો થયો અને બીજી જગ્યાએ જઈને બેઠો. તે વારંવાર પોતાની જગ્યા બદલતો રહ્યો અને બધાને તે મુશ્કેલીરૂપ લાગ્યો.
બલૂન હિમના પડથી ઢંકાઈ ગયું હતું અને સૂર્યપ્રકાશમાં ચાંદી જેવું ચમકતું હતું.
ધીરે ધીરે રબરની અંદરની હવા ઠંડી થવા લાગી અને બલૂન નીચે આવવા લાગ્યું.
એક મિનિટમાં જ તે ઝડપથી હવામાં નીચે પડવા લાગ્યું. હવે રેતીની કોઈ થેલીઓ બાકી નહોતી અને નીચે પડતું રોકવા માટે કંઈ કરી શકાય તેમ નહોતું.
“ બચાવો!” ટ્રેકલી-સ્વીટરે બૂમ પાડી.
“ આપણે તો ગયા!” નજાનૂ રડતા બોલ્યો અને બેન્ચની નીચે ઘૂસી ગયો.
“ બહાર નીકળ ત્યાંથી!” જાનૂએ તેને બૂમ પાડીને કહ્યું.
“ શા માટે?”
“ આપણે પેરાશૂટ લઈને કૂદવાના છીએ.”


“ હું તો અહીં જ રહેવાનું પસંદ કરીશ,” બેન્ચની નીચેથી નજાનૂએ કહ્યું.
જાનૂએ તેની ગરદનની પાછળનો ભાગ પકડીને તેને બહાર ખેંચી કાઢ્યો.
“ મને અડશો નહીં!” નજાનૂએ બૂમ પાડી. “ હું તમારી ફરિયાદ કરીશ!”
“ બૂમો પાડવાનું બંધ કર,” જાનૂએ શાંતિથી કહ્યું. “ મહેરબાની કરીને ગભરાટ ન કર. મને કૂદતો જો અને પછી મારી જેમ કર.”
જાનૂનો શાંત અવાજ સાંભળીને નજાનૂને થોડું સારું લાગ્યું. જાનૂ ટોપલીની ધાર પાસે ગયો.
“ ધ્યાન આપો, બધા!” તેણે કહ્યું. “ તમારે બધાએ મારા પછી એક પછી એક કૂદવાનું છે. જે કોઈ પાછળ રહી જશે તેને બલૂન આકાશમાં ઉપર લઈ જશે. તમારા પેરાશૂટ તૈયાર રાખો. અને હવે - કૂદો!”
જાનૂ કૂદ્યો અને નીચે તરતો જવા લાગ્યો. પછી સ્વિફ્ટી કૂદ્યો, પરંતુ તે નીચે તરતો ગયો નહીં. પહેલાં કૂદીને પછી પેરાશૂટ ખોલવાને બદલે, તેણે પહેલાં પેરાશૂટ ખોલ્યું અને પછી કૂદ્યો. પેરાશૂટ ટોપલીની બાજુમાં અટવાઈ ગયું, સ્વિફ્ટીનો પગ દોરડામાં ફસાઈ ગયો અને તે હવામાં ઊંધો લટકી ગયો. તે માછલીના કાંટામાં ફસાયેલ કીડાની જેમ પગ હલાવતો અને શરીર મરડતો રહ્યો, પરંતુ પેરાશૂટ છૂટ્યું નહીં.
“ હે ભગવાન! જો પેરાશૂટ છૂટી જશે તો સ્વિફ્ટી માથાના બળે જમીન પર પડશે!” ડૉ. પિલમેને આશ્ચર્યથી કહ્યું.
માઇટ્સે તરત જ પેરાશૂટના દોરડા પકડી લીધા અને સ્વિફ્ટીને પાછો ટોપલીમાં ખેંચી લીધો.
નજાનૂએ જોયું કે બલૂન ફરીથી ઉપર જવા લાગ્યું હતું.
“ જુઓ! હવે બીજા કોઈએ કૂદવાની જરૂર નથી!” તેણે કહ્યું. “ બલૂન નીચે પડવાનું બંધ થઈ ગયું છે!”





“ આવું કેમ થયું?” પ’ રેપ્સએ આશ્ચર્યથી પૂછ્યું.
“ કારણ કે જાનૂ બહાર કૂદી ગયો અને બલૂન હલકું થઈ ગયું છે. શું તને આટલી પણ સમજ નથી પડતી, મૂર્ખ?” ગ્રમ્પ્સે કહ્યું.
પ’ રેપ્સએ ખભા ઉચક્યા.
“ કદાચ હું તો ઘરે ચાલીને જાઉં,” તેણે કહ્યું.
“ અને જાનૂ વગર આપણે શું કરીશું?”
“ હુંહ! જાણે આપણે જાનૂ વગર કંઈ કરી જ ન શકીએ!” નજાનૂએ કહ્યું.
“ આપણે કોઈકની જરૂર છે જે આપણને હવે આગળ શું કરવું તે કહે,” રોલી-પોલીએ કહ્યું.
“ હવે પછી હું તમને શું કરવું તે કહીશ,” નજાનૂએ જાહેરાત કરી. “ હવે પછી હું જ બધાનો નેતા રહીશ.”





“ તું!” ગ્રમ્પ્સે આશ્ચર્યથી કહ્યું. “ તારા જેવા માથાવાળો માણસ?”

“ મારા માથામાં શું ખોટું છે?” નજાનૂએ કહ્યું. “ જો તને મારું માથું પસંદ ન હોય, તો તું બહાર કૂદી જઈને જાનૂ સાથે જોડાઈ શકે છે.”

ગ્રમ્પ્સે ટોપલીની ધાર પરથી નીચે જોયું.

“ હું તેને કેવી રીતે શોધી શકું?” તેણે કહ્યું. “ જ્યાંથી જાનૂ કૂદ્યો હતો ત્યાંથી આપણે ઘણું દૂર આવી ગયા છીએ. ત્યારે જ આપણે પણ કૂદી જવું જોઈએ હતું.”

“ હવે કૂદી જા. આગળ વધ અને કૂદી જા.”

ગ્રમ્પ્સ અને નજાનૂ ઝઘડો કરવા લાગ્યા. અને તેમને રોકવા માટે જાનૂ ત્યાં ન હોવાથી, તેમનો ઝઘડો સાંજ સુધી ચાલતો રહ્યો. સૂર્ય આથમી ગયો. પવન તેજ બન્યો. રબરની અંદરની હવા વધુ ને વધુ ઠંડી થવા લાગી અને બલૂન ફરીથી નીચે આવવા લાગ્યું, પરંતુ ગ્રમ્પ્સ અને નજાનૂ ઝઘડતા જ રહ્યા.

“ હવે આ બધું પૂરતું છે,” ટ્રેકલી-સ્વીટરે નજાનૂને કહ્યું. “ જો તું નેતા છે, તો અમને કહેજે કે શું કરવું. બલૂન ફરીથી નીચે પડી રહ્યું છે.”

“ હું બસ એક મિનિટમાં કહીશ,” નજાનૂએ કહ્યું.

તે બેન્ચ પર બેઠો, એક આંગળી પોતાના કપાળ પર મૂકી અને વિચારવા લાગ્યો. તે દરમિયાન બલૂન પહેલાં કરતાં પણ ઝડપથી નીચે જવા લાગ્યું

“ વિચારવાનું શું છે?” બેન્ડમે કહ્યું. “ જો આપણી પાસે રેતીની કેટલીક વધુ થેલીઓ હોત, તો આપણે તેને બહાર ફેંકી શકતા.”
“ બરાબર કહ્યું,” નજાનૂએ તરત જ એ વિચાર પકડી લીધો. “ પરંતુ હવે આપણી પાસે રેતીની વધુ થેલીઓ નથી, એટલે આપણે તમારામાંથી કોઈ એકને બહાર ફેંકવો પડશે. પછી બલૂન ફરીથી ઉપર જવા લાગશે.”
“ આપણે કોને બહાર ફેંકીશું?”
“ મને ખબર નથી,” નજાનૂએ ઊંડા વિચારમાં કહ્યું. “ ચાલો, જે સૌથી વધારે ફરિયાદ કરે છે તેને બહાર ફેંકીએ.”
“ જો હું બહાર ફેંકાવા ન ઇચ્છું તો?” ગ્રમ્પ્સે કહ્યું. “ એવો કોઈ નિયમ નથી કે જે સૌથી વધારે ફરિયાદ કરે તેને જ બહાર ફેંકવો જોઈએ. ચાલો, જેનું વજન સૌથી વધારે છે તેને બહાર ફેંકીએ.”
“ આ તો સારો વિચાર છે,” નજાનૂએ કહ્યું. “ આપણે રોલી-પોલીને બહાર ફેંકીશું. તે સૌથી જાડો છે.”
“ બરાબર છે,” ટ્રેકલી-સ્વીટરે કહ્યું.
“ શું?” રોલી-પોલીએ બૂમ પાડી. “ હું સૌથી જાડો છું? ટ્રેકલી-સ્વીટર તો મારા કરતાં પણ જાડો છે!”
“ હું તેના કરતાં જાડો છું?” ટ્રેકલી-સ્વીટર હસતાં બોલ્યો અને રોલી-પોલી તરફ આંગળી બતાવી. “ બધા જુઓ. જુઓ તો ખરા. હા, હા! જો તમને ખબર ન પડતી હોય કે કોણ વધારે જાડું છે, તો આપણું માપ લઈ જુઓ.”



“ ચાલો, હવે અમને માપીને જ નક્કી કરો,” રોલી-પોલીએ લડાઈ માટે તૈયાર થયેલા કૂકડાની જેમ ઉછળીને ટ્રેકલી-સ્વીટર પાસે જઈને કહ્યું.
નજાનૂએ પોતાના ખિસ્સામાંથી દોરીનો એક ટુકડો કાઢ્યો અને પહેલા તે રોલી-પોલીની કમર ફરતે વીંટાળ્યો. પછી તેણે એ જ દોરી ટ્રેકલી-સ્વીટરની કમર ફરતે વીંટાળી. માપતાં ખબર પડી કે ટ્રેકલી-સ્વીટર તો રોલી-પોલી કરતાં પણ વધુ જાડો હતો.
“ મને આ વાતનો જરાય વિશ્વાસ નથી!” ટ્રેકલી-સ્વીટર બૂમ પાડીને બોલ્યો.
“ રોલી-પોલીએ પ્રામાણિક રીતે માપ કરાવ્યું જ નથી. તેણે પોતાનું પેટ અંદર ખેંચી લીધું હતું, મેં પોતાની આંખે જોયું છે!”
“ ના, મેં એવું કંઈ કર્યું જ નથી!” રોલી-પોલી તરત બોલ્યો.
“ કર્યું હતું. મેં જોયું છે. ફરી એક વાર માપો.”
જ્યારે નજાનૂ ફરીથી રોલી-પોલીની કમર માપી રહ્યો હતો, ત્યારે ટ્રેકલી-સ્વીટર તેની આસપાસ નાચતો ફરતો હતો અને વારંવાર કહેતો હતો:
“ ચાલો, ચાલો, હવે એવી ચાલાકી નહીં! પેટ ફુલાવો જરા.”
“ હું પેટ શા માટે ફુલાવું?” રોલી-પોલીએ કહ્યું. “ જો હું પેટ ફુલાવી દઉં, તો સ્વાભાવિક છે કે હું તારા કરતાં વધુ જાડો દેખાઈશ.”

“ સારું, પેટ ફુલાવીશ નહીં, પણ પેટ અંદર પણ ખેંચીશ નહીં. તને પેટ અંદર ખેંચવાનો કોઈ હક નથી. અરે, જુઓ તો બધા! આ શું કરી રહ્યો છે! આ તો બિલકુલ યોગ્ય નથી. આ તો છેતરપિંડી કરે છે!”

નજાનૂએ રોલી-પોલીની એકદમ સાચી રીતે કમર માપી. પછી તેણે ટ્રેકલી-સ્વીટરની પણ એટલી જ કાળજીથી કમર માપી. આ વખતે ખબર પડી કે બંનેની કમરનું માપ સરખું જ હતું.

“ હવે તો બંનેમાંથી એકને નહીં, બંનેને જ બહાર ફેંકવા પડશે,” નજાનૂએ નિસાસો નાખતાં કહ્યું.

“ પણ શા માટે? એકને બહાર ફેંકીએ એટલું પૂરતું નથી?” ટ્રેકલી-સ્વીટરે પૂછ્યું.

શોટ શિકારીએ નીચે નજર કરી તો તેને દેખાયું કે જમીન ખૂબ ઝડપથી તેમની તરફ નજીક આવી રહી હતી.

“ નજાનૂ, જલ્દી નિર્ણય લો. નહીં તો આપણે જમીન સાથે અથડાઈ જઈશું,” તેણે કહ્યું.

“ કોને બહાર ફેંકવું તે માટે ચિઠ્ઠી કે ગણતરી કરીને નક્કી કરવું પડશે,” પ્’ રેપ્સએ કહ્યું.

“ હા, એ બરાબર છે,” ટ્રેકલી-સ્વીટરે કહ્યું, “ પણ ગણતરી તો બધાની કરવી જોઈએ, જાડા હોય કે પાતળા, બધાની સરખી રીતે. જેથી કોઈની લાગણી દુભાય નહીં.”




"   સારું,"   નજાનૂએ કહ્યું, "   હું ગણતરી કરું."
બધા ગોળાકારમાં ઊભા રહી ગયા. નજાનૂ એક પછી એક દરેકને પોતાની આંગળીથી અડકતો ગયો અને ગણતરીનું જોડકણું બોલવા લાગ્યો:

એની બેની બેસ,
ટિકલ ટેકલ ટેસ,
એની બેની બીની,
ટિકલ ટેકલ ટીની...


પછી તેણે કહ્યું:
"   ના, આ તો મને ગમ્યું નહીં. ચાલો, ફરીથી ગણતરી કરું."

ઇકિટી પિકિટી રિકિલી લી,
એબલ ફેબલ, મેક ધ ટી,
ઇકી, પિકી, હોટ એન્ડ સ્ટિકી...

એટલામાં જ ટોપલો ધડાકા સાથે જમીન પર અથડાયો અને ઊંધો વળી ગયો.
પ'   રેપ્સએ તરત જ પ્રોબ્લીને હાથથી પકડી લીધો અને બંને સાથે બહાર પડી ગયા. બાકીના બધા માઇટ્સ વટાણાના દાણા જેમ ગબડીને બહાર નીકળી પડ્યા.
પરંતુ બે જણ બહાર પડ્યા નહી...નજાનૂ, જે ટોપલાની કિનારીને મજબૂતીથી પકડીને લટકી રહ્યો હતો, અને ડોટ, જેણે પોતાના દાંતથી નજાનૂના પાયજામાને મજબૂત રીતે પકડી રાખ્યો હતો.
જ્યારે બલૂન જમીન સાથે અથડાયું, ત્યારે તે દડાની જેમ ઊછળ્યું અને ટોપલાને પણ સાથે ઉપર લઈ ગયું. પછી તે ધીમે-ધીમે ફરી નીચે આવ્યું અને જમીન પર સરકીને આગળ વધવા લાગ્યું. તેની પાછળ ટોપલો પણ જમીન પર ઘસડાતો ખેંચાતો જતો હતો.







તરત જ બલૂન કોઈ કઠણ વસ્તુ સાથે અથડાયું અને જોરદાર **ધડાકા** સાથે ફાટી ગયું. ડૉટ હવામાં એક પલટી મારીને જોરજોરથી બૂમો પાડતો દોડી ગયો. નજાનૂ ટોપલીમાંથી નીચે પડી ગયો અને જમીન પર એકદમ નિશ્ચલ પડી રહ્યો.

આ રીતે બલૂનની સફરનો અંત આવ્યો.







ISBN 5-05-000670-8
ISBN 5-05-000671-6

